જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૧/૦૭/૨૦૧૮ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં
આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૨૩૯/૧૮

## આનંદનગર પોલીસ સ્ટેશન :

### આનંદનગર પો.સ્ટે ના કુલ-૦૩ તથા નવરંગપુરા પો.સ્ટે ના કુલ-૦૧ તથા સોલા પો.સ્ટે ના કુલ-૦૨ ગુનાના કામે ધડપકડની બચવા સારૂ નાસ્તા ફરતા આરોપીને પકડી અટક કરતી આનંદનગર પોલીસ અમદાવાદ શહેર

મે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશનર શ્રી ઝોન-૭ અમદાવાદ શહેર તથા અધિક નાયબ પોલીસ કમીશ્નર શ્રી "એન" અમદાવાદ શહેર નાઓની સુચનાથી પોલીસ ઇન્સ્પેકટર શ્રી આનંદનગર પોલીસ સ્ટેશનના માર્ગદર્શન હેઠળ આનંદનગર પો.સ્ટે તથા નવરંગપુરા પો.સ્ટે તથા સોલા પો.સ્ટે ના ઘણા સમયથી પેન્ડીંગ ગુનાના નાસતા ફરતા ગુનાઓ શોધી કાઢવા તથા બનતા ગુના અટકાવવા સુચના કરેલ જે અનુસંધાને અ.હેડ.કો પ્રભાતભાઇ સુખાભાઇ બ.ન.૯૬૬૨ તથા પો.કો હરિસિંહ જુવાનસિંહ બ.ન.૭૪૯૪ નાઓને સંયુકત બાતમી હકીકત આધારે હે.કો વસંતસિંહ સોમસિંહ સાથે વોચ તપાસ કરી બેરેજ રોડ વાસણા થી આરોપી મિહીર પ્રવિણચંન્દ્ર દેસાઇ ઉ.વ.૩૮ ધધો-બિલ્ડર રહે-અસ્થાઇ અગાઉ રહે-૫ ઉપલ્વ બંગલો વાસણા બેરેજ રોડ વાસણા અમદાવાદ શહેર તથા બી-૧૨ અમર એપાર્ટમેન્ટ બેરેજ રોડ વાસણા અમદાવાદ શહેર નાઓ એક હોન્ડા સિટી કાર સાથે મળી આવેલ જે આરોપીની પુછપરછ કરતાં એક ફ્લેટની કિંમત મેળવી બીજા અન્ય ઇસમોને વેચી ગુન્હા કરેલ છે જે આ બાબતે તપાસ કરતાં આનંદનગર પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૧૦૮/૨૦૧૭ ધી ઇપીકો કલમ ૪૦૬,૪૦૯,૪૧૮,૪૨૦, ૪૨૪,૪૬૪,૪૬૫,૪૬૬,૪૬૭,૪૬૮, ૪૭૧ તથા આનંદનગર પો.સ્ટે ફ.ગુ.ર.ન-૧૨૦/૧૭ ઇપીકો કલમ ૪૦૬,૪૨૦,૧૨૦(બી) તથા આનંદનગર પો.સ્ટે ફ.ગુ.ર.ન-૧૫૯/૧૭ ઇપીકો કલમ ૪૦૬,૪૨૦, ૧૨૦(બી) તથા નવરંગપુરા પો.સ્ટે ફ.ગુ.ર.ન-૧૩૪/૧૭ ઇપીકો કલમ ૪૦૬,૪૨૦,૪૬૭,૪૬૮,૪૭૧, ૧૨૦(બી) તથા સોલા પો.સ્ટે ફ.ગુ.ર.ન-૧૮૪/૧૭ ઇપીકો કલમ ૪૦૬,૪૨૦,૪૬૫,૪૬૭,૪૬૮,૪૭૧, ૧૧૪ તથા સોલા પો.સ્ટે ફ.ગુ.ર.ન-૩૨/૧૮ ઇપીકો કલમ ૪૦૬,૪૨૦,૪૬૫,૪૬૭,૪૬૮,૪૭૧ મુજબનો ગુનો દાખલ થયેલ હોય સદરી ઇસમને આજરોજ તા.૩૦/૦૬/૨૦૧૮ ના કલાક ૧/૩૦ વાગે પકડી અટક કરી આગળની કાર્યવાહી સારુ નવરંપુરા પોલીસ સ્ટેશન તથા સોલા પો.સ્ટે જાણ કરી નામદાર કોર્ટ કસ્ટડીમા કેદ રહેવા મોકલી આપવા તજવીજ હાથ ધરવામાં આવેલ છે. તા.૩૦/૦૬/૨૦૧૮

**અમરાઇવાડી પોલીસ સ્ટેશન :**

## પ્રોહિબીશનના ગુનામાં પાસા હેઠળ અટકાયત કરવા બાબત

મે પોલીસ કમીશ્નર શ્રી અમદાવાદ શહેર ના પાસા હુકમ નં.PCB/DTN/PASA/૫૨૨/૨૦૧૮ તા.૩૦.૦૬.૨૦૧૮ ના પાસા અટકાયતી વિજય @ લવકેશ સભાનારાયણસિંહ શર્મા ઉ.વ.૪૭ રહેવાસી મ.નં.૮૦/ડી અમર ટેનામેન્ટ વિંઝોલ રોડ મહાલક્ષ્મી રોડ વટવા અમદાવાદ શહેર ના વિરૂધ્ધ અમદાવાદ શહેર ના અમરાઇવાડી પો.સ્ટે પ્રોહિ ગુ.ર.નં.૫૨૦૧/૧૮ મુજબનો દાખલ થયેલ પ્રોહિબીશન ગુનામાં સદરી આરોપીને પાસા હુકમની બજવણી કરી આજરોજ ખાસ જેલ જામનગર ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે

**અમરાઇવાડી પોલીસ સ્ટેશન :**

## આરોપીને પાસા હેઠળ અટકાયત કરવા બાબત

## મિલ્કત સબંધી

આગામી રથયાત્રાનાં તહેવાર અનુસંધાને અધિક પો.કમિ.શ્રી સેક્ટર-૨ સાહેબ તથા નાયબ પો.કમિ.શ્રી ઝોન-૪ સાહેબ તથા અધિક ના.પો.કમિ.શ્રી "એફ"ડીવઝન સાહેબ નાઓએ મિલ્કત સબંધી ગુન્હા કરતા ઈસમો વિરૂધ્ધ પાસા મુજબ અટકાયતી પગલા લેવાની સુચના આધારે મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરના પાસા અટકાયતી હુકમ ક્રમાંક પીસીબી/ડીટીએન/ પાસા/૪૩૪/૨૦૧૮ તા.૬/૬/૨૦૧૮ આધારે પાસા અટકાયતી નામે મહેબુબ ઉર્ફે બાબુ અજગરઅલી શેખ ઉ.વ.૩૫ ધંધો : મજુરીકામ  રહે.મ.નં. એ/૧ ગોલ્ડન પાર્ક સદાની ધાબી અલીફનગર પહેલા કેનાલ પાસે વટવા અમદાવાદ શહેર તથા કેમ્પ સદર બજાર રબારીવાસ બસ સ્ટેન્ડની સામે શાહીબાગ અમદાવાદ શહેરના વિરૂધ્ધમાં દાખલ થયેલ મિલ્કત સબંધી ગુન્હાઓમાં સદરી વિરૂધ્ધ પાસા હુકમ થયેલ હોઈ આરોપીને આજરોજ તા.૩૦/૦૬/૨૦૧૮ ના કલાક. ૧૩/૩૦ વાગે પાસા અટકાયત કરી પાસા હુકમની બજવણી કરી ખાસ જેલ પાલારા ભુજ ખાતે પાસા તળે અટકાયતમાં લેવા સારૂ મોકલી આપવા તજવીજ કરેલ છે.તા.૩૦/૦૬/૨૦૧૮

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.